# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા
જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦
Website :http://www.bknmu.edu.in Email : info@bknmu.edu.in


પરિપત્ર

**વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એપ્રિલ-૨૦૨૧ થી ઓગષ્ટ-૨૦૨૨ સુધી કરવાની થતી વાર્ષિક પ્રવૃત્તિ બાબત**

**સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક NSS/AzadiAM/૨૦૨૧/૩૪૪૯-૩૫૪૧ તા : ૦૯/૦૮/૨૦૨૧**

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી-જુનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે ભારતની આઝાદીના ૭૫ વર્ષ **'આઝાદી કા અમૃત મહોત્સવ'** ની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના યુવા અને રમત ગમત મંત્રાલય દ્વારા એપ્રિલ-૨૦૨૧ થી ઓગષ્ટ-૨૦૨૨ સુધી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રક્તદાન, વૃક્ષારોપણ, રાષ્ટ્રગાન વિડીયો અપલોડ કરવા, પોસ્ટર મેકિંગ, સ્વચ્છ પખવાડા, એક ભારત શ્રેષ્ઠ ભારત, ગ્રીન વિલેઝ ક્લીન વિલેઝ વગેરે પ્રવૃતિઓનું ફરજિયાત આયોજન કોવિડ-૧૯ ની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને કરવાનું જણાવવામાં આવે છે.

કાર્યક્રમની તમામ વિગતો આ સાથે સામેલ છે. દરેક કાર્યક્રમની કાર્યક્રમ પ્રમાણેની આંકડાકીય માહિતી તથા કરેલ કાર્યક્રમનો અહેવાલ અત્રેની યુનિવર્સીટીનાં મેઈલ academicbknmu@gmail.com પર સત્વરે મોકલી આપશો, જેથી કરીને યુનિવર્સીટી દ્વારા ઉક્ત માહિતી સરકારશ્રીમાં નિયત સમયમર્યાદામાં મોકલી શકાય.

કા.કુલસચિવ

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/ ૭૧ /૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૦૯/૦૮/૨૦૨૧

પ્રતિ,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ

**બિડાણ :**

સંદર્ભપત્રની નકલ

**નકલ સાદર રવાના :**

માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગતસચિવશ્રી

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :-NSS/AzadiAM/2021/3449-3541 તા. 09/08/2021

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટી

**વિષય :- એપ્રિલ-૨૦૨૧ થી ઓગસ્ટ-૨૦૨૨ સુધી "આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત કરવાની વાર્ષિક પ્રવૃત્તિઓ અંગે**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતની આઝાદીના ૭૫ વર્ષ "આઝાદી કા અમૃત મહોત્સવ" (#India@75)ની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકારના યુવા અને રમત-ગમત મંત્રાલય દ્વારા એપ્રિલ-૨૦૨૧ થી ઓગસ્ટ-૨૦૨૨ સુધી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રક્તદાન, વૃક્ષારોપણ, રાષ્ટ્રગાન વિડિયો અપલોડ કરવા, પોસ્ટર મેકીંગ, ચિત્ર સ્પર્ધા, ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન, વક્તૃત્વ સ્પર્ધા, કલ્ચરલ ઇવેન્ટ, સ્વચ્છ ભારત, સ્વચ્છ પખવાડા, એક ભારત શ્રેષ્ઠ ભારત, ગ્રીન વિલેજ ક્લિન વિલેજ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવા દરેક યુનિવર્સિટીએ પોતાના વિભાગો તથા સંલગ્ન તમામ કોલેજોને ઉપરોક્ત કાર્યક્રમોનું ફરજિયાત આયોજન કરવા આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે. દરેક કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઇડલાઇનના ચુસ્તપણે પાલન સાથે કરવાના રહેશે.

કાર્યક્રમોની વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે. દરેક કાર્યક્રમ થાય તેની કાર્યક્રમ પ્રમાણે આંકડાકીય માહિતી તથા રિપોર્ટ દરેક યુનિવર્સિટીએ પોતાને સંલગ્ન કોલેજો તથા વિભાગો પાસેથી મેળવી સંકલિત માહિતી રોજે રોજ અપડેટ કરી અત્રેની કચેરીના ઇ-મેઇલ nss.uni.hc-che@gmail.com પર ફરજિયાત મોકલી આપવા જણાવવામાં આવે છે.

"આઝાદીના અમૃત મહોત્સવ" સંદર્ભે અત્રેની કચેરી દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે પ્રમાણે વ્યવસ્થા કરવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

સંયુક્ત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

# "Azadi ka Amrut Mohotsav" India@75

(5th August, 2021 to 02nd October, 2021)

## પ્રવૃત્તિઓનું આયોજન

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | કાર્યક્રમનો સમયગાળો /વિગત. |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રગાન | દરેકે રાષ્ટ્રગાન ગાતા વિડિયો અપલોડ કરી સર્ટીફિકેટ સોશ્યલ મિડીયામાં શેર કરવા |
| ૨ | પોસ્ટર મેકીંગ | દેશની આઝાદીમાં મહત્વપૂર્ણ ફાળો આપનાર મહાનુભાવોના પોસ્ટરની સ્પર્ધા |
| ૩ | ચિત્ર સ્પર્ધા | આઝાદીને લગતા ચિત્રો દોરવાની સ્પર્ધા |
| ૪ | ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન | તા.૧૩/૦૮/૨૦૨૧ થી તા.૦૨/૧૦/૨૦૨૧ સુધી (જિલ્લાવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે.) |
| ૫ | વક્તૃત્વ સ્પર્ધા | આઝાદીને લગતા વિષયો પર સ્પર્ધાનું આયોજન કરી શકાય. |
| ૬ | કલ્ચરલ ઇવેન્ટ | વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું. |
| ૭ | સ્વચ્છ ભારત (સ્વચ્છતા પખવાડા) | તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૧૫/૦૮/૨૦૨૧ |
| ૮ | સદ્ભાવના દિવસ | તા. ૨૦/૦૮/૨૦૨૧ ના રોજ સર્વધર્મ પ્રર્થના વિ.નું આયોજન |
| ૯ | એક ભારત શ્રેષ્ઠ ભારત | એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ભારતના અન્ય રાજ્યોની સંસ્કૃતિ વિશે જાણકારી મેળવવી (આ કાર્યક્રમમાં ગુજરાત અને છત્તીસગઢ બન્ને રાજ્યોએ એકબીજા સાથે જોડાયેલ છે.) |
| ૧૦ | ગ્રીન વિલેજ ક્લીન વિલેજ | તા.૦૨/૧૦/૨૦૨૧ના રોજ |
| ૧૧ | બ્લડ ડોનેશન કેમ્પ | દરેક યુનિવર્સિટીએ અનુકુળતાએ આયોજન કરવું. |

નોંધ:- ઉપરોક્ત કાર્યક્રમોની ઉજવણી સમયે કોવિડ-૧૯ની ગાઇડલાઇનનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

## "Azadi ka Amrut Mohotsav" India@75

(5th August, 2021 to 02nd October, 2021)

### પ્રવૃત્તિઓની આંકડાકીય માહિતીનું પત્રક

| ક્રમ | કાર્યક્રમનું નામ અને તારીખ | યુનિવર્સિટીનું નામ | ભાગ લીધેલ કોલેજોની સંખ્યા | ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

સહી/ સિક્કો

નોંધ : દરેક યુનિવર્સિટીએ સંલગ્ન કોલેજોની માહિતી સંકલિત કરી ઉપરોક્ત પત્રકમાં ભરી nss.uni.hc-che@gujgov.edu.in મોકલી આપવાની રહેશે.

- કાર્યક્રમ પ્રમાણેની આંકડાકીય માહિતી નીચે આપેલ ગુગલ ફોર્મમાં ભરી સબમીટ કરવાની રહેશે.

ગુગલ લીંક: https://forms.gle/1Rt2HcgkRTtB1Tzx7